**આંક : ૨૨**

# ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી કુ.આર.કે.સોલંકી સાહેબ

**રેફરન્સ ડીમાન્ડ નંબર – ૨/૨૦૦૮**

**પ્રથમ પક્ષકાર : –** રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી
અભયારણ્ય રેન્જ, શિવરાજપુર,હાલોલ,જી.પંચમહાલ.

**– :: વિરુઘ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** બરોડા લેબર યુનિયન
૪૦૬/૪૦૭ સીટી પ્લાઝા, ચોથે માળ
મઘ્યવર્તી સ્કુલ પાછળ દાંડીયા બજાર,વડોદરા.

**વિષય : ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાયનિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે :– વિઘ્વાન એડવોકેટશ્રી એમ.કે.દેશમુખ
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી મૃગેન્દ્ર જાદવ

**– :: એવોર્ડ ::–**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરાએ તેમના તા.૫/૩/૨૦૦૮ થી શ્રમ અદાલત ગોધરાને હુકમ નંબર–કે.એચ.આર./એસ.એમ.સી./૪૩/૨૦૦૮ આઈ.ડી.આર./એ.જે./ ના.શ્ર.આ./ વડો/ ૪૨/૨૦૦૮ થી અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી અભયારણ્ય રેન્જ શિવરાજપુર તા.હાલોલ, જી.પંચમહાલમાં કામ કરતા શ્રમયોગી શ્રી રાયસિંગભાઈ શંકરભાઈ બારીયાને તેઓની દાખલ તારીખ– ૧/૬/૧૯૮૯

થી જંગલખાતાની નાની ગ્રેડમાં મુકી કાયમી કરવા જોઈએ કે કેમ ? તેમજ તેઓને પગાર અને અન્ય મળવાપાત્ર લાભો /વળતરો પ્રશ્ચાતવર્તિ અસરથી ચુકવી આપવા જોઈએ કે કેમ ?

**(૨)** હાલના બીજા પક્ષકારે આંક–૪ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારોનુ યુનિયન છે. સદર સંસ્થાનાં કામદારો હાલના બરોડા લેબર યુનિયનમાં સને –૨૦૦૬માં જોડાયા હતાં. પ્રથમ પક્ષકાર રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રી આ જંગલ ખાતાનાં અધિકારી છે. તેઓ અભયારણ્ય રેંજના અધિકારી છે. હાલના પ્રથમ પક્ષકારએ વનવિભાગની એક રેંજ છે. જેના હાથ નીચે જાંબુઘોડા તાલુકાનો વનવિભાગ આવે છે. પ્રથમ પક્ષકારની આર્થિક સ્થિતી ઘણી સારી અને સઘ્ધર છે. પ્રથમ પક્ષકાર રેંજમાં પાવાગઢ અને જાંબુઘોડા મુકામે કુલ ત્રીસ કરતાં વધુ રોજમદાર કામદારો કામ કરે છે. આ રોજમદાર કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં વર્ષોથી ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકારની ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ માં આપેલી વ્યાખ્યા મુજબ લઘુત્તમ વેતન ધારો, વર્કમેન કોમ્પેનસેશન એકટ,પેમેન્ટ ઓફ વેજીસ એકટ ,ગ્રેજયુઈટી એકટ, વિગેરે મજુર કાયદાઓ લાગુ પડે છે. હાલનાં બીજા પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ધારામાં આપેલ વ્યાખ્યા મુજબ "વર્કમેન" છે અને પ્રથમ પક્ષકારે "ઈન્ડસ્ટ્રી" છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે જંગલ ખાતાની શિવરાજપુર ખાતે આવેલ અભયારણ્ય રેંજ અને નોર્મલ રેંજનાં કંટલી રાઉન્ડમાં ફરજ બજાવતા નીચે મુજબના કામદારો નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાતમાં સ્પે.સી.એપ્લીકેશન નં.૮૫૩૩/૧૯૯૭ દાખલ કરેલી. સદર રીટ પીટીશનમાં નામદાર હાઈકોર્ટ કાયમી કરવા અંગે મજુર અદાલતને સત્તા છે તેમ જણાવી રેફરન્સ કરવાનો હુકમ કરતાં હાલના ત્રણેય કામદારની કાયમી કરવાની માંગણી કરેલ છે. જંગલ ખાતાનાં અભયારણ્ય રેંજમાં કામ કરતાં રાયસિંગ શંકર બારીયા ને કાયમી કરવાની માંગણી છે. આ કર્મચારી હાલમાં શિવરાજપુર ઓફીસમાં ફરજ બજાવે છે. જંગલ ખાતામાં શ્રી રાયસિંગ શંકર બારીયા તા.૧/૬/૧૯૮૯ થી ફરજ બજાવે છે. તેઓ પહેલા એચ.જી.એસ. રેંજમાં હતાં ત્યાર બાદ નોર્મલ રેંજમાં હતા અને ત્યાર બાદ છેલ્લા ૬ વર્ષ થી અભયારણ્ય રેંજમાં ફરજ બજાવે છે. શ્રી રાયસિગ બારીયા લગભગ છેલ્લા પંદર વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવે છે. તેઓની નોકરી કાયમી છે. વર્ષમાં કયારેય તેમની એક મહીનાની પણ રજા આપેલ નથી અને બાર મહિના ફરજ બજાવી છે. તેમની પંદર વર્ષની કામગીરી

કાયમી પ્રકારની છે અને જંગલ ખાતાને તેમની જરૂર છે તેઓ વર્ષોથી ફરજ બજાવતાં હોવા છતાં કાયમી કરવામાં આવેલ નથી કે કાયમી કામદારોનાં લાભો આપવામાં આવેલ નથી. કાયદાની દ્રષ્ટિએ તેઓ કાયમી કર્મચારી જ છે.તેઓએ પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધુ દિવસ કામ કરેલ છે. આથી જ તેઓને દાખલ તારીખથી કાયમી કરવાની માંગણી ઘણી જ યોગ્ય,વ્યાજબી અને ન્યાયી છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે શ્રી રાયસીંગ બારીયાને અઠવાડીક રજા આપવામાં આવતી નથી. તેમના કામના દિવસોનો રેકર્ડ તેઓને આપવામાં આવતો નથી. આ કામદારોને પગાર સ્લીપ કયારેક આપવામાં આવે છે પરંતુ છેલ્લા પાંચ વર્ષથી આપેલ નથી. હાલમાં મહિનાના પુરા દિવસો  કામ કરવા છતાં પુરા દિવસોનો પગાર આપવામાં આવતો નથી. હાજરી કાર્ડ,તેમજ ઓળખ કાર્ડ પણ આપવામાં આવેલ નથી. તેઓના નામ એન.એમ.આર.માસ્ટરમાં કેટલીક વખત તેમનુ નામ લખવામાં આવે છે. જયારે કેટલીક વખત તેમના વાઉચર ઉપર સહી લઈ પગાર આપવામાં આવે છે. તેઓને કોઈ પણ પ્રકારના સરકારી લાભો મળતા નથી. રેફરન્સના કામદારોને કાયમીના લાભોથી વંચિત રાખવા માટે તેઓને રોજમદાર તરીકે રાખવામાં આવે છે. તેમની જુદીજુદી રેંજમાંની હાજરીનો રેકર્ડ જે–તે રેંજમાં છે આથી જ તેના કાયમી કરવાની માંગણી યોગ્ય,વ્યાજબી અને ન્યાયી છે તેમ જણાવેલ છે.

હાલના સંબંધિત કામદાર જંગલના જુદા જુદા પ્લોટની સાચવણીનું કામ કરે છે. ઉપરાંત જંગલ ખાતામાં ગેસ્ટહાઉસ , રેસ્ટહાઉસમાં કામ કરે છે. અભયારણ્ય રેંજમાં જુદાજુદા પીકનીકના પોઈન્ટ છે. ત્યાં પણ કામ કરે છે. જંગલ ખાતાનાં પ્લોટોમાં જંગલ ખાતાએ વાંસ, બાવળ,બહેડા,આમળા, શિમળો, લીમડો, ગુંદર, બોર, વાંકળ, ખાટી આંમલી, ગોરસ આમલી, સેવન, આસોત્રી,મહુડો, સાગ, વિગેરે જુદી જુદી જાતના ઝાડ લગાવેલ છે. દરેક ઝાડથી જંગલ ખાતાને અઢળક કમાણી થાય છે. બહેડા, આંબળા, ગુંદર, મધ વગેરેમાંથી આયુર્વેદિક દવાઓ બને છે. સાગ, સીસમ,લીમડો વિગેરે ઈમારતી  લાકડાની કમાણી થાય છે. વાંસનો ઉપયોગ કાગળ બનાવવામાં થાય છે. ફળાઉ ઝાડના ફળો વેચવામાં આવે છે. આ બધા રોજમદારો ન હોય તો તે ઝાડ જંગલમાંથી ચોરો કાપી જાય અને તેની કોઈ  આવક જંગલ ખાતાને થાય નહી. આવા ઝાડ જયાં ઉગાડવામાં આવે છે તે જંગલ ખાતાંની માલીકની કે મેળવેલ જગ્યા છે. સંબંધિત

કામદારો આ બધા ઝાડને થોરની અને કાંટાની વાડ બનાવે છે. રોપાઓ રોપવાના હોય છે. સંબંધિત કામદારની ફરજનો સમય સવારના આઠ થી સાંજના છ વાગ્યા સુધીનો છે. તેઓને લગુત્તમ વેતન ધારા મુજબ પગાર ઘણી વખત આપવામાં આવતો નથી. આ કામદારો જે કામ કરે છે તે કામગીરી કાયમી અને કાયમી પ્રકારની છે. જંગલ ખાતાની આવક રાજય સરકાર પોતાના બજેટમાં બતાવે છે. લાકડાની જાહેર હરાજી કરે છે માટે જ આ કામદારો જે કામ કરે તે જગ્યા અને કામનો પ્રકાર જોતા સંસ્થાનો ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. જો આ સંબંધિત કામદારો ન હોય તો જંગલ ખાતાંના કાયમી કર્મચારી રાખવા પડે આથી હાલનાં સંબંધિત કામદારને કાયમી કરવાની માંગણી યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનામાં વધુમાં જણાવેલ છે કે સદર અભયારણ્ય રેંજએ ૧૦૦ કી.મી.વિસ્તારમાં ફેલાયેલ જંગલ છે. તેમાં જંગલ ખાતાના પોતાના ત્રણ ફોરેસ્ટર અને સાત બીટગાર્ડ હોય છે. બે રાઉન્ડમાં એક જ બીટગાર્ડ હોય છે. રાઉન્ડમાં જુદાજુદા પ્લોટ આવેલા હોય છે. એક પ્લોટ ૫ થી ૪૫ હેકટરનો હોય છે. આમ, માત્ર નવ કે દસ કાયમી કર્મચારીઓ ૧૦૦ કિલો મીટર વિસ્તાર સાચવી શકે નહી. આ રેંજમાં ઓછામાં ઓછા ત્રીસ થી બત્રીસ રોજમદારો રોજેરોજ જુદા જુદા કામ કરે છે. જે હાલના માંગણી કરનાર કામદારો જેવા જ નોકરી ઉપર રહેલા છે. આ કામદારને ૧૫૦ હેકટરનો વિસ્તાર સાચવવાનો હોય છે. અભયારણ્ય રેન્જમાં જંગલી પ્રાણીઓનો કોઈ શીકાર કરે નહિ તે જોવાની કામગીરી આ કર્મચારીઓની છે. આવી કામગીરી કાયમી પ્રકારની કામગીરી છે. તથા તે કામગીરી માટે કાયમી કર્મચારી હોવા જરૂરી છે. આમ, છતાં આ કામદારોને રોજમદાર તરીકે વર્ષોથી રાખવામાં આવે છે. આથી જ સંબંધિત કામદારને કાયમી કરવાની માંગણી યોગ્ય,વ્યાજબી,અને ન્યાયી છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે આ કામદારો ત્યાં નોકરીમાં જોડાયા ત્યારે એચ.જી.એસ.રેંજમાં હતાં. ત્યાર બાદ નોર્મલ રેંન્જ થઈ. શ્રી રાયસિંગ બારીયાને અભયારણ્ય રેંજમાં બદલવામાં આવ્યા અને તેઓ ત્યાં પણ ફરજ બજાવે છે. આ કામદાર સાથે કામ કરતાં ઈશ્વર વેચાત બારીયા, સવાભાઈ હિરાભાઈ બારીયા, છગન મનીયા રાઠવા અને રયજી દેવલા રાઠવા ને સંસ્થાએ કાયમી કરેલ છે. અને તે મુજબ જ આ કામદારને પણ કાયમી કરવાની માંગણી યોગ્ય,વ્યાજબી અને ન્યાયી છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે કામદારને પ્રોવિડંટ ફંડ,પેન્શન, હકક રજા, કીરકોળ રજા, ગ્રેજયુઈટી,બોનસ જેવા કોઈ લાભો આપવામાં આવતા નથી. તેઓને મેડીકલ કે એલ.ટી.સી. મળતુ નથી. તેઓ વર્ષોથી કામ કરતા હોવા છતાં સરકારી કર્મચારીઓને મળતા લાભો મળતાં નથી. તેઓને રીટાયરમેન્ટ વખતે કોઈ નાણાં મળવાના નથી. આમ, આખી જીંદગી નોકરી કરનાર કામદારને પોતાની પાછલી જીંદગી જીવવા કોઈ લાભ કે ભથ્થુ મળવાનું નથી. આથી તેમને કાયમી કરવાની માંગણી યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે સંબંધિત કામદારનું દસ કરતાં વધુ વર્ષની નોકરી છે. તેઓની અડધી જીંદગી જંગલ ખાતામાં કામ કરતાં પસાર કરેલ છે. આટલા લાંબા સમય સુધી નોકરી કરનાર કામદારોને મોડેલ એમ્પ્લોયર તરીકે વર્તીને કાયમી કરવા જોઈએ. પરંતુ સરકારી અધિકારીઓ વરસોથી આ કામદારોનું શોષણ કરી રહયા છે. આ કામદારોને થનાર અન્યાય ને સરકારશ્રી સમક્ષ અધિકારઓ જવા દેતા નથી. હાલમાં તેમને લઘુત્તમ વેતન ધારા મુજબનો પુરેપુરો પગાર પણ આપવામાં આવતો નથી. આથી સંબંધિત કામદારને કાયમી કરવાની માંગણી યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે તેમ જણાવી પ્રથમ પક્ષકાર સંસ્થા રેફરન્સના સંબંધિત કામદાર રાયસિંગ શંકર બારીયાને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેમની દાખલ તારીખથી તેમની સિનિયોરીટી મુજબ ચોથા વર્ગના કર્મચારીને હાલમાં મળતી હાલની કાયમી રૂા.૪૪૪૦/– બેઝીકની ગ્રેડમાં મુકી તેઓને કાયમી કર્યા ત્યારથી વોચમેન કાર્મચારી મુજબના પાછલા પગારના તફાવતના નાણાં ચુકવવા તથા આ રેફરન્સના ખર્ચના રૂા.૧૦,૦૦૦/– અપાવવા માંગણી કરેલ છે.

(૩) હાલના પ્રથમ પક્ષકારે આંક–૧૨ થી તેમનો લેખીત જવાબ રજુ કરેલો છે. પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબમાં બીજા પક્ષકારે જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે. પ્રથમ પક્ષકારે તેમના લેખીત જવાબમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને હાજરી કાર્ડ તથા વેતન સ્લીપ આપવામાં આવે છે. તેઓ જેટલા દિવસ કામ કરે તેટલા દિવસનો પગાર લઘુત્તમ વેતન પ્રમાણે વાઉચર પર ચુકવવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સેન્ચ્યુરી વિભાગમાં કોઈ પણ જાતની ઉપજ લેવામાં આવતી નથી. તેમજ ત્યાં કોઈ પણ જાતની ઉપજ લેવી કે ઝાડને કોઈ પણ જાતનું નુકશાન કરવુ એ ગુનો બને છે. જેથી કોઈ પણ વન પેદાશ એકત્ર કરવામાં આવતી નથી. બીજા

પક્ષકારને લઘુત્તમ વેતન દર પ્રમાણે પગાર ચુકવવમાં આવે છે. બીજા પક્ષકાર પાસે કયારેય નર્સરી નું કામ લેવામાં આવેલ નથી. હાલના પ્રથમ પક્ષકાર અધિકારીને કોઈ પણ કામદારને કાયમી કરવા સત્તા કે અધિકાર  નથી. બીજા પક્ષકારને  સરકારશ્રીએ કોઈ નિમણુંક આપેલ નથી. જેથી સરકારશ્રીના ધારાધોરણ મુજબ કોઈ લાભ આપવા સરકાર બંધાયેલ નથી.  હાલના બીજા પક્ષકાર તદ્દન હંગામી  ધોરણે હોઈ આ રેફરન્સમાં જણાવેલા કોઈ લાભ તેઓને મળવાપાત્ર નથી. તેમ જણાવી હાલનો  રેફરન્સ રદ કરવાં માંગણી કરેલ છે.

**(૪)** આ કામે બીજા પક્ષકારે આંક–૬ થી  કેટલાક દસ્તાવેજો સંસ્થા પાસેથી  રજુ કરાવવા માંગણી કરેલ છે. જે અરજી જે તે સમયે સાંભળવા માટે રાખેલ છે.

આ કામે બીજા પક્ષકારે નિ.૫/૧ થી પ્રથમ પક્ષકારને માંગણીનું નિવેદન મોકલેલ તે મળી ગયા અંગેની આર.પી.એ.ડી ની સ્લીપ છે.

આંક–૮ થી પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરતો હુકમ છે.

આંક–૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સરકારી વકીલશ્રી એચ.પી.ગાંધીનું મેમો ઓફ એપીયરન્સ છે.

આ કામે પ્રથમ પક્ષકારે નિ. ૧૧/૧ થી બીજા પક્ષકારની હાજરીના દિવસોનું સ્ટેટમેન્ટ  રજુ કરેલ છે.

આંક–૧૨ ઉપર જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારનો લેખીત જવાબ છે.

આંક–૧૩ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી કેટલાક દસ્તાવેજો રજુ કરાવવા માંગણી કરેલ છે.જે  અરજીમાં જે તે સમયે કારણદર્શક નોટીસ કાઢવામાં આવેલ છે.

આંક–૧૪ બીજા પક્ષકારનું પુરાવાના ભાગરૂપે સોગંદનામુ છે જે સોગંદનામું જે તે સમયે ઉલટતપાસ  માટે રાખવામાં આવેલ  છે.

આંક–૧૫ થી પ્રથમ પક્ષકારની આંક–૧૩ ની અરજી લગત હુકમ મુજબ કારણદર્શક નોટીસ કાઢવામાં આવેલ છે.

આંક–૧૮ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સરકારી વકીલશ્રી એમ.કે. દેશમુખનું  મેમો ઓફ એપીયરન્સ છે.

આ કામે પ્રથમ પક્ષકારે નિ.૧૮/૧ થી નિ.૧૮/૪ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧) મયજીભાઈ છગનભાઈ બારીયાની દા.તા. ૧૯૮૯ થી ૨૦૧૩ સુધી કરેલ હાજરીની વિગત દર્શાવતું પત્રક કુલ પાન.૨૨ પાન

(૨) અરજદાર શંકર મનજી રાઠવા દાખલ તા. ૧/૯/૧૯૯૫ થી તા ૩૧/૮/૨૦૧૩ સુધી કરેલ હાજરી દર્શાવતું પત્રક કુલ પાન. ૧૮ પાન.

(૩) સોપારભાઈ નેવસીગભાઈ રાઠવા દા.તા. ૧/૪/૯૭ થી ૨૦૧૦ સુધી કરેલ કામગીરી દર્શાવતું પત્રક કુલ ૧૩ પાન.

(૪) કલ્યાણભાઈ છેલાભાઈ બારીયાના દા.તા.૧/૪/૯૮ થી સને ૨૦૧૩ સુધી કરેલ હાજરી દર્શાવતું પત્રકની નકલ કુલ પાન ૧૫ (પાન)

આ કામે બીજા પક્ષકારને ઉલટતપાસ માટે હાજર રહેવા અસંખ્ય તક આપવા છતાં હાજર ન રહેતા આંક–૨૦ ની અરજી લગત હુકમ કરી બીજા પક્ષકારનું પુરાવા સોગંદનામુ પુરાવામાંથી રદ કરવામાં આવેલ છે અને બીજા પક્ષકારના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક– ૨૧ થી પ્રથમ પક્ષકારની કલોઝીગ પુરસીસ છે. ત્યારબાદ મુદ્દત તારીખે પોકાર કરતાં બીજા પક્ષકાર કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર ન રહેતાં પ્રોસેડીગમાં નોંધ કરી બીજા પક્ષકારનો દલીલનો હકક બંધ કરી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે મૌખિક દલીલો સાંભળી સદર કેઈસ હુકમ પર લેવામાં આવે છે.

**(૫)** હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં સંબંધિત કામદાર રાયસીગ શંકર બારીયા પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧/૬/૧૯૮૯ ના રોજથી ફરજ બજાવતા હોવાનું; તેમણે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામ કરેલ હોવાનું; તેમને લઘુત્તમ વેતન કરતા ઓછો પગાર ચુકવવામાં આવતો હોવાનું; કાયમી કર્મચારીને મળતા લાભો આપવામાં આવતાં ન હોવાનું; પ્રથમ પક્ષકાર સંસ્થા જુદાજુદા ઝાડ રોપી તેમાંથી આવક ઉભી કરતાં હોવાનું; પ્રથમ પક્ષકારનો ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થતો હોવાનું; તેઓને પ્રોવિડંટ ફંડ, પેન્શન, હકક રજા, કીરકોળ રજા, ગ્રેજયુઈટી,બોનસ જેવા કોઈ લાભો આપવામાં આવતાં ન હોવાનું; આમ, આખી જીંદગી નોકરી

કરતા કામદારને પોતાની પાછલી જીદગી જીવવા કોઈ લાભ કે ભથ્થા મળવાના નહી હોવાનું; અને તેથી સંબંધિત કામદારને કાયમી કરવાની  માંગણી યોગ્ય અને વ્યાજબી હોવાનું જણાવેલ છે. પરંતુ બીજા પક્ષકારને તેમના કેઈસના સમર્થમાં પુરાવા લેવા અસંખ્ય તક આપેલ છે છતાં બીજા પક્ષકાર ઘ્વારા કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ હોય કે કોઈ સોગંદનામુ રજુ કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી.  માંગણીનું નિવેદન તે માત્ર નિવેદન જ ગણાય અને તેને પુરાવા તરીકે ગ્રાહયા રાખી શકાય નહી. આ સંજોગોમાં હાલના બીજા પક્ષકાર તેમના માંગણીના નિવેદનમાં જણાવેલ હકીકતો  પુરવાર કરવામાં  સંદતર  નિષ્ફળ ગયેલ છે. આમ, હાલના બીજા પક્ષકાર રેફરન્સની અનુચુચિમાં જણાવેલ દાદ કે અન્ય કોઈ પણ દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ  ગયેલ છે.

ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

(૧) હાલના બીજા પક્ષકારનો રેફરન્સ  ડીમાન્ડ ગેરહાજરી તથા પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુમક કરવામાં આવતો નથી.

**સ્થળ: ગોધરા.**
**તા. ૦૭/૦૩/૨૦૧૮**

**( કુ.રમીલાબેન કેશવલાલ સોલંકી )**
**GJ 00791**
**પ્રમુખ અધિકારી**
**શ્રમ અદાલત, ગોધરા.**